ગુજરાત માહિતી આયોગને વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે Gujarat State RTI Annual Return Information System (http://rti-ar.guj.nic.in) દ્વારા માહિતી મોકલી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક: મહત/૨૦૦૭/સી.આઈ.સી–૧૩–૨૯/આર.ટી.આઈ સેલ
તા. ૨૧–૦૬–૨૦૧૩

**પ રિ પ ત્ર :-**

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૨૫(૧) ની જોગવાઈ મુજબ રાજ્ય માહિતી આયોગે દરેક વર્ષ પુરુ થયા પછી કાયદાના અમલીકરણને લગતો વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનો રહે છે. રાજ્ય માહિતી આયોગે તૈયાર કરવાના થતાં આ વાર્ષિક અહેવાલ માટે દરેક જાહેર સત્તામંડળે કલમ –૨૫(૩) માં દર્શાવેલ બાબતોની માહિતી રાજ્ય માહિતી આયોગને પૂરી પાડવાની રહે છે. રાજ્ય માહિતી આયોગે તૈયાર કરેલ વાર્ષિક અહેવાલ કલમ–૨૫(૪) ની જોગવાઈ મુજબ રાજ્ય સરકારે વિધાનસભા ગૃહમાં રજુ કરવાનો રહે છે.

૨. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ –૨૫ની કાયદાકીય જવાબદારી દરેક વિભાગ તથા તેના વહીવટી નિયંત્રણ હેઠળનાં જાહેર સત્તામંડળો સરળતાથી અને ઝડપથી પરિપૂર્ણ કરી શકે તે માટે, એન.આઈ.સી. ના સહયોગમાં Gujarat State RTI Annual Return Information System (http://rti-ar.guj.nic.in) ઓન લાઈન સીસ્ટમ વર્ષ–૨૦૦૭થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ ઓનલાઈન સીસ્ટમ દ્વારા કલમ ૨૫(૩) મુજબની માહિતી અપલોડ કરવા માટે તમામ વિભાગો અને જાહેર સતામંડળોને એન.આઈ.સી. દ્વારા પાસવર્ડ આપવામાં આવેલ છે અને માહિતી અપલોડ કરવાની કાર્યપધ્ધતિ સમજાવવામાં આવેલ છે. તમામ જાહેર સત્તામંડળો દ્વારા વર્ષ પૂરૂ થયા બાદ દર વર્ષે ઓન લાઈન સીસ્ટમમાં તૈયાર કરવામાં આવેલ એન્યુઅલ રીટર્નમાં જરૂરી માહિતી અપલોડ કરવાની રહે છે. આ માહિતી તમામ જાહેર સત્તામંડળો દ્વારા વર્ષ પૂરૂ થયા બાદ દર વર્ષે સમયસર અપલોડ કરવામાં આવે તો રાજ્ય માહિતી આયોગ સમયસર વાર્ષિક અહેવાલ તૈયાર કરી શકે અને અહેવાલ વિધાનસભા ગૃહમાં સમયસર રજૂ કરી શકાય .

૩. તમામ જાહેર સત્તામંડળો દ્વારા દર વર્ષે ઓન લાઈન સીસ્ટમ દ્વારા સમયસર એન્યુઅલ રીટર્નમાં માહિતી અપલોડ કરવામાં આવે તે માટેની જરૂરી સૂચનાઓ આર.ટી.આઈ શાખાના તા.૯-૧૧-૨૦૦૯, તા.૧૯-૦૬-૨૦૧૦, તા. ૫-૧૦-૨૦૧૦, તા૦૭-૦૧-૨૦૧૧, તા.૧૮-૦૬-૨૦૧૧, તા.૧૪-૦૮-૨૦૧૨, તા.૩-૦૬-૨૦૧૩ ના પત્રોથી તમામ વહીવટી વિભાગોને આપવામાં આવેલ છે. વહીવટી વિભાગો દ્વારા તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને આ સૂચનાઓ પરિપત્રિત પણ કરવામાં આવેલ છે. આમ છતાં પણ તમામ જાહેર સત્તામંડળો દ્વારા જરૂરી માહિતી એન્યુઅલ રીટર્નમાં દર વર્ષે અપલોડ કરવામાં આવતી નથી. રાજ્ય માહિતી આયોગ દ્વારા પણ આ બાબતે રાજ્ય સરકારનું ધ્યાન દોરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૨-૧૩ ની માહિતી પણ હજી સુધી માત્ર ૨૦% જાહેર સત્તામંડળોએ જ અપલોડ કરેલ છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે જાહેર સત્તામંડળો રાજ્ય સરકારે આપેલ સૂચનાઓનો ગંભીરતાથી અમલ કરતાં નથી અને રાજ્ય માહિતી આયોગને માહિતી મોકલી આપવાની કાયદાકીય જવાબદારી સમયસર નિભાવતા નથી. આ બાબત યોગ્ય નથી. તમામ જાહેર સત્તામંડળો કાયદાકીય જવાબદારી નિભાવવામાં ગંભીરતા દાખવે તે જરૂરી છે. આ બાબત પ્રત્યે તમામ જાહેર સત્તામંડળોનું ધ્યાન દોરવામાં આવે છે.

૪. તમામ વિભાગો (પ્રોપર) તથા વિભાગોના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોની વર્ષ ૨૦૧૨-૧૩ ના વાર્ષિક અહિવાલ તૈયાર કરવા માટે આપવાની થતી સચોટ અને સંપૂર્ણ માહિતી Gujarat State RTI Annual Return Information System (http://rti-ar.guj.nic.in) ઓન લાઈન સીસ્ટમ દ્વારા તાકીદે અપલોડ કરવા તમામ જાહેર સત્તામંડળોને આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. સી. પટેલ)
નાયબ સચિવ (આર.ટી.આઈ)
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ,ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેક્ટર-૧૮,ગાંધીનગર
- ડેપ્યુટી ડાયરેકટરશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટી સંસ્થા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભગો અને તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળો.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી-નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સાથે.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી-નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સાથે.
- સર્વે ખાતાના વડાની કચેરીઓ-નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સાથે.
- ના.સે.અ. ની સીલેક્ટ ફાઈલ.
- શાખા સીલેક્ટ ફાઈલ.